સ્પેશિયલ-૨ ૬ની નકલ કરતી ગેંગ ઝડપાઈ

સ્પેશિયલ-૨૬ની નકલ કરતી ગેંગના સાત આરોપીઓ ઝડપાયા : મોડાસામાં માં અમૃતમ કાર્ડનું કૌભાંડ કરનાર કીરીટ અમીન શાતીર ગુન્હેગાર બની ગયો

નકલી કાર્ડ બનાવી લોકો જોડે ૧.૩૦ કરોડ લૂંટ્યા : નકલી PSI બની, પત્નીને કોન્સ્ટેબલ બનાવી લોકોને લૂંટવાનું યથાવત

બાયડ :

કોમ્પ્યુટરમાં માસ્ટરી ધરાવતો કીરીટ અમીન મોડાસા ખાતે વર્ષ-૨૦૧૨ માં કલેક્ટર કચેરી ખાતે ૧૧ મહિનાના કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી દરમિયાન શોર્ટકર્ટથી રૂપિયા કમાવવા નકલી માં અમૃતમ કાર્ડ કાઢી આપ્યા હતા. જેનો પર્દાફાશ થતા આરોગ્ય વિભાગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ કીરીટ અમીને તેનું દિમાગ ગુન્હાખોરીમાં લગાવી દીધું હોય તેમ વડોદરામાં ડીએસઓ અને ડે.મામલતદાર તરીકે રોફ જમાવી પરણીત એક મહિલાને પ્રેમજાળમાં ફસાવી હતી અને તેના રૂપિયા જલસા કરતો હતો. મહિલા સાથે રંગરેલવીયા મનાવતા ફોટો વિદેશમાં રહેતા તેના પતિ પાસે પહોંચતા મામલો છૂટાછેડા સુધી પહોંચ્યો હતો અને કીરીટ અમીન સામે પોલીસમાં અરજી પણ થઈ હતી. ત્યારે કિરીટ અમીનને ગુન્હેગારની દુનિયામાં પત્નીનો સાથ મળ્યા બાદ કીરીટ વધુ બેફામ બન્યો હોય તેમ નકલી પીએસઆઈ બની અને તેની પત્નીને નકલી હેડ કોન્સ્ટેબલ બનાવી કસ્ટમનુ સોનું સસ્તા ભાવે ખરીદતા લાલચુઓને શિકાર બનાવતો હોવાનો રાજ્યભરમાં ૩૫ જેટલા ગુનાઓને અંજામ આપનાર ટોળકીનો પર્દાફાશ કર્યો છે. રામોલ પોલીસે તેની ટીમ સાથે દબોચી લીધો હતો.કીરીટ અમીન અને તેની ગેંગ લોકોને કસ્ટમનું સસ્તું સોનુ આપવાની લાલચ આપી લોકો સોનું લેવા પહોંચે ત્યારે નકલી પીએસઆઈ કિરીટ અમીનઅને નકલી પોલીસ ગેંગ ત્રાટકી સોનું લેવા પહોંચેલા શખ્શને લૂંટી લેતા હતા. તેની સાથે તેની પત્ની પણ હેડકોન્સ્ટેબલ બની સાથે રહેતા લોકો નકલી પોલીસને અસલી સમજી સરન્ડર કરી લેતા હતા.કીરીટ અમીને એક આખી ટોળકી ઊભી કરી લીધી હતી. જેમાં અલગ અલગ લોકો અલગ અલગ કિરદાર નિભાવતા હતા. જેમાં એક ટીમ એજન્ટ તરીકે કામ કરી લોકોની ટ્રેપ ગોઠવે અને લીલીઝંડી આપે, બીજી ટીમ નકલી સોનાની કે લૂંટના મુદ્દામાલની ડિલ કરે અને ત્રીજી ટિમ પોલીસ બની રેડ પાડે તેવું આયોજન આ આ ગેંગનું હતું. જોકે અસલી પોલીસે આ સાત લોકોને પકડી રાજ્યભરના ૩૫ જેટલા ગુનાના ભેદ ઉકેલ્યા છે.

કીરીટ અમીનની ગેંગના કેટલાક સાગરીતો અમારી પાસે કસ્ટમનું સોનું છે, જે સસ્તા ભાવે મળશે અથવા લૂંટનો માલ છે તે સસ્તામાં આપીશું, તેમ કહીને રૂપિયા લઈ સોનું લેવા માટે આવેલ ગ્રાહકને બનાવટી પોલીસ બની ધમકાવીને તેની પાસે રહેલા રૂપિયા પડાવી લેતી ગેંગ સક્રિય થઈ હોવાની બાતમી રામોલ પોલીસને મળી હતી. બાતમીના આધારે વસ્ત્રાલમાં જઈને સાત લોકોને પોલીસે ઝડપી પાડ્યા. જેમાં કોઈ પીએસઆઈ તો કોઈ હેડ કોન્સ્ટેબલ તો કોઈ ડિલર બનીને આવ્યા હતા. જોકે આ પોલીસને બાતમી મળતા જ સાત લાખના મુદ્દામાલ સાથે મહિલા સહિત સાત લોકોને રામોલ પોલીસે ઝડપી પાડયા હતા. આરોપીઓએ અમદાવાદ અને ગુજરાતના અલગ અલગ જિલ્લામાં સસ્તું સોનું આપવાની લાલચ આપીને સોનાની લેતી-દેતી વખતે નકલી પોલીસ બની રેડ કરી માણસોને લૂંટી ધાડ પાડી હોવાનું રામોલ પીઆઈ કે એસ દવે એ જણાવ્યું છે.

બાતમી આધારે વોચ ગોઠવાઈ ત્યારે એક ગાડી મળી આવી હતી. જેમાં ડ્રાઈવર સીટ પર બેઠેલા ઈસમે પોતે અમરાઈવાડીમાં પીએસઆઈ હોવાની ઓળખ આપતા પોલીસ એ તેની પાસે આઈ કાર્ડ માંગ્યું હતું. જોકે આરોપીએ આઈ કાર્ડ પણ બતાવ્યું હતું. જેમાં પીએસઆઈના કાર્ડમાં બક્કલ નંબર લખેલો હોવાથી આઈ કાર્ડ બનાવટી હોવાનુ જાણવા મળતા પોલીસે તમામ આરોપીઓની ઉલટ પૂછપરછ કરી હતી. જેમાં આરોપીઓનો ભાંડો ફૂટી ગયો. આરોપી કિરીટ અમીન મુખ્ય સૂત્રધાર છે અને ભાવના અમીન નામની મહિલા આરોપી જે હેડ કોન્સ્ટેબલ બની હતી તે તેની પત્ની હોવાનું સામે આવ્યું. જ્યારે જાવેદ હુસેન, જગમોહન શાસ્ત્રી, અને વસીમ અલી સૈયદ આ ત્રણેય આરોપીઓ સસ્તું સોનું આપવાની લાલચ આપીને ગ્રાહકને પૈસા લઈને બોલાવતા હતા. જ્યારે કોઈ વ્યક્તિ

પૈસા લઈ આવે ત્યારે કિરીટ, તેની પત્ની, પંકજ સિંહ રાઠોડ અને અન્ય કેટલાક લોકો બનાવ સ્થળ પર રેડ કરી સોનું ખરીદવા આવેલ વ્યક્તિ ને પોલીસની ઓળખ આપી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને લૂંટી લેતા હતા. ઝોન ૫ ના ડીસીપી અચલ ત્યાગીએ જણાવ્યું કે, તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, આરોપી કિરીટ મામલતદાર કચેરીમાં કોન્ટ્રાકટ પર નોકરી કરતો હતો અને કોમ્પિટિટિવ પરિક્ષા પણ આપી ચુક્યો છે. જોકે સરકારી નોકરી ન મળતા તેના સપના રોળાયા અને નકલી સરકારી નોકર બનીને આ ગેંગ ઓપરેટ કરતો હતો. આ ગેંગ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. એક ટિમ એજન્ટ તરીકે કામ કરી લોકોની ટ્રેપ ગોઠવે અને લીલીઝંડી આપે, બીજી ટિમ નકલી સોનાની કે લૂંટના મુદ્દામાલની ડિલ કરે, અને ત્રીજી ટિમ પોલીસ બની રેડ પાડે. લૂંટનો માલ પણ ત્રણ ભાગમાં એટલે કે ૫૦ ટકા, ૩૦ ટકા અને ૨૦ ટકા લેખે વહેંચી દેતા હતા. આરોપીઓ પાસે થી પોલીસએ બનાવટી આઈ કાર્ડ, બે એર ગન, ૧૨ નંગ મોબાઈલ ફોન, પોલીસ યુનિફોર્મ માં દંપતી ના પાસપોર્ટ સાઈઝ ના ફોટો અને કેટલીક બનાવટી ચલણી નોટો સહિત કુલ સાતેક લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.તમામ આરોપીઓએ પોતાના આઈકાર્ડ હાટકેશ્વર ખાતે બનાવડાવ્યા હોવાથી આઈકાર્ડ બનાવનારની પણ ધરપકડ કરાશે. આઈકાર્ડમાં અગાઉ ઝોન ૫ ડીસીપી તરીકે રહી ચૂકેલા હિમકરસિંહની સહી પણ હોવાથી પોલીસ માને છે કે, તે સમયે કોઈ પોલીસ વાળાનું આઈકાર્ડ ખોવાઈ જતા તેના પરથી આ ડુપ્લીકેટ આઈકાર્ડ બનાવડાવ્યા હોઈ શકે છે. જોકે આ ઘટના પરથી પોલીસના આઈકાર્ડનો પણ દુરુપયોગ થતો હોવાથી પોલીસકર્મીઓએ સાવચેત રહેવાની જરૂર લાગે છે. મોટાભાગે અરજીઓ જ પોલીસે લીધી, ભેદ ઉકેલાતા ગુના નોંધશે. આરોપીઓએ ત્રણ વર્ષમાં વડોદરા, સાબરકાંઠા, ખેડા, સુરત, ભરૂચ, રાજકોટ જૂનાગઢ, ડાંગ, વલસાડ અને મહારાષ્ટ્રમાં ૩૫ ગુના આચર્યા છે. જેમાં જગમોહન નામનો આરોપી ૨૦૧૯મા પકડાયો હતો. જોકે આ મોટાભાગના બનાવોમાં પોલીસે ફરિયાદ નોંધી નથી અને માત્ર અરજી લીધી હોવાનું સામે આવ્યું છે. ત્યારે ગેંગ પકડાતા જ હવે અન્ય પોલીસ ગુના દાખલ કરી ભેદ ઉકેલવાની વાહવાહી પણ મેળવશે તે કહેવું સાર્થક થશે.

તલોદમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લાભાર્થીઓનું શોષણ

તલોદ, તા. ૨૩

તલોદમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આશરે

ચારસોથી વધારે લાભાર્થીઓ છેલ્લા બે વર્ષથી ધારાધોરણ અનુસાર રહેણાંકલાયક વસવાટો તૈયાર થઈ જવા છતાં રાજ્ય અને કેન્દ્ર સરકારના ૬ જેટલા હપ્તાથી મળતા આ સહાય ચેકો હજુ સુધી ગ્રાહકો સુધી પહોંચતા નથી જેથી મોટા ભાગની વિધવા બહેનોની હાલત કફોડી બની છે. સરકારે પાલિકાના નેતૃત્વમાં આ તમામ સહાયકોની સંપૂર્ણ જવાબદારી અને તેમને પડતી તમામ મુશ્કેલીઓ તેમજ ગેરકાયદેસર જમીનો ઉપરનું બાંધકામ તમામ સ્ટેજથી તેમની સત્વરે કાર્યવાહી હાથ ધરી તેમજ સરકારની મળતી સહાયથી થતો ભ્રષ્ટાચાર અને ગેરરિતી ન થાય તે જોવાની તમામ જવાબદારી પણ પાલિકાને સોંપેલી છે.

આમ સરકારે નવ માસના એગ્રીમેન્ટથી આ કરાર લાભાર્થીઓને કરાવી સંપૂર્ણ મકાન સ્ટેજવાઈઝ પૂર્ણ કરવાની બાંયેધરી કરાર પણ લાભાર્થી સાથે કરેલ છે તે અંગે મોટાભાગના લાભાર્થીઓ તેમના આવાસો પણ તૈયાર કરી દિધા છે. જેની વારંવાર પાલિકાને તે પ્રધાનમંત્રી યોજના કર્મીઓને જાણ કરી હોવા છતાં તેમને મળતા હપ્તાના વિલંબમાં તેમની



કરેલી કામગીરી અને સહાયથી વંચિત રાખી આ યોજના મોટી મુશ્કેલીમાં મુકાઈ છે જેમાં આ યોજનાની કાર્યવાહિ કરનાર અને તેમના મળતિયા એજન્ટો દ્વારા દરેક હપ્તાના ચેકદિઠ ૨૦૦૦ અને ગેરકાયદેસર જમીનો અને દબાણો પર કરેલા વસવાટોમાં મસમોટી રકમો લેતા હોવાની ગરીબ અને મુંગા પ્રાણી સમાન લાભાર્થીઓની લાચારી પણ સાંભળવા મળી છે.

આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રહેણાંક મકાનો માટેના ઉમદા હેતુથી સાચા લાભાર્થીઓને તેમના કાચા મકાનો પાકા બનાવી તેમના જીવન ધોરણ અને કુટુંબોમાં રહેણાંક માટે પડતી અનેક મુશ્કેલીઓ દૂર કરવાના આ પ્રયત્નોને સ્થાનિક હાથ ધરનારા ભ્રષ્ટ કર્મીઓ મોટી કમાણી કરતા હોવાની બૂમરાણ પણ જોવા મળી છે. આ સહાયકો કાયમી તેમના વસવાટો તોડી નાણાંની મુશ્કેલીઓ અને લાંબા સમયથી ન આવતી આ સહાય ચેકોને પ્રધાનમંત્રીની આ યોજના ખોરંભે પડી છે જેની ઝીણવટભરી તપાસ આદરી બંધ પડી ગયેલી આ યોજના ફરીથી કાર્યરત કરવા ઉગ્ર માંગ ઉઠી છે.

આખરે... બનાસ ડેરીના નિયામક મંડળની ચૂંટણી જાહેર

એશિયાની સૌથી મોટી ડેરીના ૧૬ ડિરેક્ટરની ચૂંટણીથી સહકારી ક્ષેત્રે ગરમાવો છવાયો : ૨૨થી ૨૯ સપ્ટેમ્બર સુધી ઉમેદવારીપત્રો ભરાશે અને ૧૯ ઓક્ટોબરના મતદાન હાથ ધરાશે

દૂધ સંપાદન ક્ષેત્રે સમગ્ર એશિયા માં નંબર વન સ્થાન ધરાવનાર બનાસકાંઠા જિલ્લા ની અગ્રણી સહકારી સંસ્થા બનાસ ડેરી ના નિયામક મંડળ ના ૧૬ સભ્યો ની ચૂંટણી જાહેર કરવા માં આવી છે જેમાં ૨૨ થી ૨૯ સપ્ટેબર દરમ્યાન ઉમેદવારી પત્રો ભરી શકાશે અને ૩૦ સપ્ટેમ્બરના ઉમેદવારીપત્રો ની ચકાસણી હાથ ધરાશે જરૂર પડે ૧૯ ઓક્ટોબર ના રોજ ચૂંટણી યોજવા માં આવશે.

બનાસ ડેરીના વર્તમાન સંચાલક મંડળ ની પાંચ વર્ષ ની મુદત પૂર્ણ થતી હોય આગામી પાંચ વર્ષ ના નિયામક મંડળના ૧૬ સભ્યો ની નિયુક્તિ કરવા માટે બનાસડેરીના ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર મ.ભ.યો.

બનાસકાંઠા એફ.એ.બાબી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેમાં તા.૨૯ થી ૨૯ સપ્ટેબર દરમ્યાન સવાર ના ૧૧ થી ૩ વાગ્યા સુધી ઉમેદવારી પત્રો ભરી શકશે અને તા.૩૦ સપ્ટેબર ના રોજ ઉમેદવારી પત્રો ની ચકાસણી કરાશે જ્યારે ૧ ઓક્ટોબર ના રોજ માન્ય ઉમેદવારી પત્રો ની યાદી જાહેર કરવામાં આવશે જ્યારે તા.૮ ઓક્ટોબર સુધી ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે અને જરૂર પડે તા.૧૯-૧૦-૨૦ ના રોજ સવાર ના ૯ થી સાંજ ના ૫ કલાક સુધી મતદાન યોજાશે અને તા.૨૦-૧૦-૨૦ ના રોજ પાલનપુર કલેક્ટર કચેરી ખાતે સવારે નવ વાગે મતગણતરી યોજવા માં આવશે જે પૂર્ણ થતાં પરિણામ જાહેર કરવા માં આવશે

જોકે કોરોના મહામારી ને લઈ બનાસ ડેરી ની ચૂંટણી યોજાશે કે મોકુફ રખાશે તેને લઈ છેલ્લા કેટલાય સમય થી અનેક અટકળો ચાલી રહી હતી જેમાં તાજેતર માં કોર્ટ દ્વારા ચૂંટણી ને નિયતે સમયે યોજવા ફરમાન કર્યું હતું જે બાદ ચૂંટણી યોજવા માટે સત્તાવાર જાહેર જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવતા જિલ્લાના સહકારી ક્ષેત્ર માં હલચલ મચી જવા પામી છે.

૧૬ મતદાર મંડળ પર ચૂંટણી યોજાશે

બનાસડેરી ડેરીના મતદાર મંડળમાં બનાસકાંઠા જિલ્લાના ૧૪ અને પાટણ જિલ્લાના ૨ મળીને કુલ ૧૬ તાલુકાનો સમાવેશ થતો હોય તા.૨૨ સપ્ટેબરથી પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, ડીસા, ધાનેરા, થરાદ, વાવ, ભાભર, દિયોદર, કાંકરેજ, રાધનપુર, સાંતલપુર, સુઈગામ અને લાખણી મામલતદાર કચેરી ખાતે ઉમેદવારીપત્રો ભરવાની તેમજ મતદાન પ્રક્રિયાની કાર્યવાહી યોજાશે.

સહકારી અગ્રણીઓ ચૂંટણી જંગમાં ઉતરશે

બનાસ ડેરીની ચૂંટણી સહકારી અગ્રણીઓ માટે પ્રતિષ્ઠાનો જંગ હોઈ કેટલાક દિગગજ આગેવાનો આ ચૂંટણીમાં ભાગ્ય અજમાવવા માટે મેદાનમાં ઉતરવાના હોવાનું ચર્ચાઈ રહ્યું છે તો વર્તમાન ચેરમેન શંકર ચૌધરી પણ પોતાની પેનલ સાથે ચૂંટણી જંગમાં ઉતરવાના છે.

બનાસડેરીની ચૂંટણીમાં પ્રથમ દિવસે એકપણ ફોર્મ ન ભરાયું

પાલનપુર સ્થિત એશિયાની સૌથી મોટી બનાસડેરીની ચૂંટણી જાહેર થતાં જ ગરમાવો પ્રસરી ગયો છે. જેની પ્રક્રિયામાં બુધવારે ફોર્મ ભરવાના પ્રથમ દિવસે એકપણ ઉમેદવારી પત્ર રજૂ થયું ન હતું.

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોની જીવાદોરી સમાન બનાસડેરીની ચૂંટણીનું શનિવારે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જેના પગલે સહકારી ક્ષેત્રે ગરમાવો પ્રસર્યો છે. પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, ડીસા, ધાનેરા, થરાદ, વાવ, ભાભર, દિયોદર, કાંકરેજ, રાધનપુર, સાંતલપુર, સુઈગામ અને લાખણી એમ ૧૬ ડિરેક્ટરના નિયામક મંડળની મુદત ૨૭ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ પૂર્ણ થશે. ત્યારે તે પહેલા નવા નિયામક મંડળને ચૂંટી કાઢવા માટે હાઈકોર્ટના આદેશ મુજબ ૨૨ સપ્ટેમ્બર થી ૨૦ ઓક્ટોબર દરમિયાન ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ અંગે ચૂંટણી અધિકારી ફિરોજખાન બાબીએ જણાવ્યું હતું કે, ફોર્મ ભરવાના પ્રથમ દિવસે કોઈ ઉમેદવારે ઉમેદવારી પત્ર રજૂ કર્યું નથી.

ખેડબ્રહ્મા શહેર અર્બુદા મંદિર જાહેરાત બાદ કોઈ આરોગ્ય અધિકારી કોરોના ટેસ્ટ માટે ન ફરક્યા

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા શહેરમાં દિવસ દિવસે કોરોના પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યા છે તો આજરોજ ખેડબ્રહ્મા નગરપાલિકાના વિસ્તારમાં કોવીડ-૧૯ ટેસ્ટ માટે અર્બુદા મંદિર જાહેરાત કરવામાં આવી હતી પણ દિવસ દરમિયાન આ સ્થળે આરોગ્ય અધિકારી કે સ્ટાફ દ્વારા નક્કી કરાયેલા સમયના સ્થળે કોઈ ન દેખાતા આસપાસ વિસ્તારમાંથી ટેસ્ટ કરાવવા આવેલી જનતાએ રાહ જોયા બાદ પરત ફરવાનો વારો આવ્યો હતો. આ અંગે ખેડબ્રહ્મા શહેરમાં સ્થળ પર દિવસ દરમિયાન કોઈ પણ ન ફરકતા આરોગ્ય અધિકારી આર. ડી. ગોસ્વામીએ મૌન સેવ્યું હતું.



જાહેર અપીલ

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં નિઃશુલ્ક કોવિડ ટેસ્ટ માટેનું આયોજન

નંબર-૧: સંબંધિત વોર્ડના તમામ રહેવાસીઓ માટે નિઃશુલ્ક ટેસ્ટ.

તારીખ-૨૩, ૨૪, ૨૫, ૨૬ સપ્ટેમ્બર-૨૦૨૦ સુધી.

ક્રમ	વોર્ડ નંબર	સુપરવાઈઝીંગ મેડીકલ ઓફિસર	સ્થળ
૧	વોર્ડ નંબર-૧ અને ૨	ડૉ.વિજય કાપડીયા	બ્રહ્માજી ચોક
૨	વોર્ડ નંબર-૩ અને ૫	ડૉ.સરિતાબેન પટેલ	વાસણા રોડ,RFO કચેરી પાસે
૩	વોર્ડ નંબર- ૪ અને ૭	ડૉ.પીનલબેન પટેલ	અર્બુદા મંદીર પાસે
૪	વોર્ડ નંબર- ૬	ડૉ.ચિંતન વોરા	ચાંપલપુર ચોક

નંબર-૨: રીક્ષા ચાલકો, વેપારીઓ, નગરપાલિકા સ્ટાફ વિગેરેનાઓના ટેસ્ટ

સ્થળ-સ્વામિ વિવેકાનંદ હોલ,ખેડબ્રહ્મા
સમય-સવારે ૧૦:૦૦ કલાક થી

ક્રમ	ટેસ્ટ કરવામાં આવનાર વ્યક્તિઓ	તારીખ
૧	તમામ રિક્ષા ચાલકો	તા.૨૩/૦૯/૨૦૨૦
૨	તમામ શાકભાજી તથા ફળફળાદીના વિક્રેતાઓ	તા.૨૪/૦૯/૨૦૨૦ તથા તા.૨૫/૦૯/૨૦૨૦
૩	નગરપાલિકા સેનેટરી સ્ટાફ	તા.૨૬/૦૯/૨૦૨૦
૪	તમામ દુકાનદારો	તા.૨૮/૦૯/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૦

યાત્રાધામ અંબાજી મંદિરમાં ઈન્દોરના ભક્ત દ્વારા હિરા જડીત સોનાનું છત્ર મંદિરને અર્પણ

યાત્રધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો ભરાય છે.અને દુર દુરથી માઈ ભક્તો માં અંબાના દર્શન કરવા પગપાળા આવે છે.અને માં અંબા તેમની મનોકામના પૂર્ણ કરે છે.પરંતુ આ વખતે કોરોના વાયરસની મહામારીના કારણે સરકાર દ્વારા મેળો બંધ રાખવામાં આવ્યો હતો.અને ભક્તોને મંદિરમાં દર્શન કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.અને ભક્તો માટે ઘરે બેઠા ઓનલાઈન દર્શન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.ત્યારબાદ મંદિર ખુલતા જગ વિખ્યત અંબાજી મંદિરમાં આજરોજ હીરા જડિત સોનાનુ એક છત્ર દાનમાં આવ્યુ હતુ.ઈદોરના મોહનખેડા તીર્થની મનોકામના પૂર્ણ થતા ભક્ત દ્વારા આજરોજ માં અંબાના ધામમાં છત્ર અર્પણ કરવમા આવ્યુ હતુ.

બાયડ તાલુકાના અલવા ગામના આશાસ્પદ યુવાનનું વીજ કરંટથી અવસાન

બાયડ તાલુકાના અલવા ગામના વિધવા માતાના એકના એક પુત્રનું ધાબા પર વીજ કરંટ લાગતાં સ્થળ પર જ કરુણ મૃત્યું થયેલ છે. ફોન લઈને ધાબા પર ગયેલ નિખિલ અમૃતભાઈ પરમાર અજાણતા જ બિંબના સળિયાને અડકી ગયો હતો. જે સળિયા પર થાંભળાથી મીટરનો મુખ્ય વીજ વાયર લગાવેલ હતો.જેમાંથી કરંટ લાગતાં જ ધાબા પર પટકાઈને તેનું કરુણ મૃત્યું થયુ હતું.

પ્રાપ્ત વિગતો મુજબ નિખિલના પિતા અમૃતભાઈનું આજથી વીસ વર્ષ પહેલાં લગ્નના બે જ વર્ષમાં તાવની બીમારીમાં મૃત્યુ થયું હતું. તેમને સાત માસનો એક પુત્ર હતો.નાની ઉંમરે વિધવા બનેલી માતા સુરેખાબેને પોતાના પુત્રને ઉછેરી મોટો કરી સારું શિક્ષણ અને નોકરી અપાવવાના મનોમન સંકલ્પ લઈ દીકરા માટે સર્વસ્વનો ત્યાગ કર્યો હતો. જેમાં વિધવા બેનના દિયર નટુભાઈ અને દેરાણી સુમિત્રાબેને સુરેખાબેનને પોતાની મોટી બહેન અને નિખિલને દીકરો માની તેમની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી હતી. આજે દીકરો ૨૦ વર્ષની ઉંમરે વિધવા માતાને છોડીને સ્વર્ગે સિધાવ્યો તેનાથી માતા ઉપર આભ ફાટી પડ્યું હોય તેવી કરુણ ઘટના બની ગઈ. વિધવા માતાના એકના એક વહાલ સોયાનો જીવન દિપક બુઝાઈ જતા તેનો જીવન જીવવાનો આધાર જ છીનવાઈ ગયો હતો. ૧૩ જુલાઈએ જ જન જાગૃતિ અને સમાજ સેવામાં રસ ધરાવતા નિખિલે ડૉ. એચ.કે. સોલંકીની સાથે અલવા ગામના સ્મશાનમાં વડલા અને અન્ય ગુલમહોર વગેરેના છોડ રોપ્યા હતા. એ જ સ્મશાનમાં આજે તેના અગ્નિ સંસ્કાર કરતા સૌની આંખો આંસુથી ભરાઈ ગઈ હતી.નિખીલ આર્મીમાં જઈ દેશ સેવા કરવા માંગતો હતો. એની વાતોમાં રાષ્ટ્રપ્રેમ અને કંઈક કરી છૂટવાની તમન્નાઓ છલકાતી હતી.

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાંથી બે બાઈક ચોરાયા

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાંથી અઠવાડીયા અગાઉ અજાણ્યા શખ્સો રૂ. ૮૦ હજારની કિંમતના બે બાઈકની ચોરી કરી ગયાની ફરીયાદ મંગળવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે સહકારી જીન વિસ્તારમાં આવેલ શુભ બંગ્લોઝમાં ૧૮ નંબરના મકાનમાં રહેતા બાલમુકુંદ વાલજીભાઈ સુતરીયાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૮ સપ્ટેમ્બરની રાત્રે અજાણ્યા શખ્સો તેનું બાઈક નં. જીજે.૦૯. ડીએફ.૨૯૭૧ તથા અન્ય એક દિપકકુમાર નામના શખ્સનું બાઈક નં. જીજે.૦૯.ડીઈ.૧૪૦૫ની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે બાલમુકુંદ તથા દિપકભાઈએ તપાસ કરવા છતા બંનેના મળી અંદાજે ૮૦ હજારની કિંમતના બાઈકનો કોઈ પત્તો ન મળતા આખરે મંગળવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી.